# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 16-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી છ દિવસ નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાનાની મુલાકાતે જશે
2) ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી માટેનો પ્રચાર વેગવાન બન્યો- ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પ્રચાર માટે મુંબઈ જશે
3) રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાંથી 900 કરોડના માદક પદાર્થ સાથે બે વ્યક્તિની ધરપકડ કરાઈ
4) દેશભરમાં આજે રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
5) ઉત્તરપ્રદેશમાં ગઇકાલે એક હોસ્પિટલમાં આગ લાગતા 10 બાળકોના મોત થયા
6) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારતનો વિજય.

## ***PM-THREE-NATION VISIT***

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી છ દિવસ નાઈજીરીયા, બ્રાઝીલ અને ગુયાનાની મુલાકાતે જશે. ત્રણ દેશોની મુલાકાતના પ્રથમ તબક્કામા શ્રી મોદી નાઈજીરીયાના રાષ્ટ્રપ્રમુખ બોલા અહેમદ ટીનુબુના આમંત્રણ પર નાઈજીરીયા જશે. 17 વર્ષમાં ભારતના કોઈ પ્રધાનમંત્રીની નાઈજીરિયાની આ પ્રથમ મુલાકાત હશે. નાઈજીરિયામાં તેમના બે દિવસના રોકાણ દરમિયાન, પ્રધાનમંત્રી બંને દેશો વચ્ચે**

વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવા અને દ્વિપક્ષીય સંબંધોને વધારવા માટેના નાઈજીરીયાના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કરશે. તેઓ નાઈજીરીયામાં ભારતીય સમુદાયના એક સંમેલનને પણ સંબોધિત કરશે.

નાઇજીરિયાથી, પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા દ્વારા આયોજિત G20 સમિટમાં ભાગ લેવા આ મહિનાની 18મી તારીખે બ્રાઝિલના શહેર રિયો ડી જાનેરો જશે. આ સમિટ દરમિયાન, શ્રી મોદી વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ભારતની સ્થિતિ રજૂ કરશે.

ત્રીજા અને અંતિમ ચરણમાં પ્રધાનમંત્રી મોદી 19 થી 21 નવેમ્બર સુધી ગુયાનાની મુલાકાત લેશે. 1968 પછી કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા ગુયાનાની આ પ્રથમ મુલાકાત હશે. તેમની મુલાકાત દરમિયાન શ્રી મોદી રાષ્ટ્રપતિ અલી સાથે ચર્ચા કરશે અને ભારતીય સમુદાય સાથે વાતચીત પણ કરશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે, ગુયાનાના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ ઈરફાન અલી મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેના 17મા પ્રવાસી ભારતીય દિવસના મુખ્ય અતિથિ તરીકે ભારતની મુલાકાતે આવ્યા હતા.

.................

## *PM BODOLAND MOHOTSAV*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 2020 બોડો શાંતિ સમજૂતીથી બોડો સમુદાયને તો લાભ થયો જ છે, પરંતુ ઘણા વધુ શાંતિ કરારો માટેના માર્ગો પણ ખુલ્યા છે. ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં પ્રથમ બોડોલેન્ડ મહોત્સવને સંબોધતા, શ્રી મોદીએ વધુમાં જણાવ્યું કે શાંતિ સમજૂતીના કારણે, માત્ર આસામમાં 10 હજારથી વધુ યુવાનોએ શસ્ત્રો અને હિંસા છોડી દીધી છે. કેન્દ્ર સરકારે બોડોલેન્ડના વિકાસ માટે એક હજાર 500 કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ આપ્યું છે. બોડોલેન્ડમાં શિક્ષણ, આરોગ્ય અને સંસ્કૃતિ સંબંધિત માળખાગત સુવિધાઓ વિકસાવવા 700 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાયો છે.

શ્રી મોદીએ કૌશલ્ય વિકાસના મહત્વ, યુવાનો અને મહિલાઓના વિકાસની તકોની ઉપલબ્ધતા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે આસામના રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય, બોડોલેન્ડ પ્રાદેશિક ક્ષેત્રના પ્રમુખ પ્રમોદ બોરો હાજર રહ્યા હતા સાથે જ આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ જોડાયા હતા.

.................

## *JHARKHAND-CAMPAIGNING*

ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં બીજા તબક્કાની ચૂંટણી પહેલા તમામ પક્ષના રાજકિય નેતાઓ પૂર જોશમાં પ્રચાર કરી રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહ આજે દુમકા, દેવઘર અને ધનવરમાં ત્રણ ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે. બીજી તરફ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે જામતારા અને ખિજરીમાં જાહેરસભાઓ કરશે.

ઝારખંડ મુક્તિ મોરચા (JMM)ના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેન રાજ્યભરમાં છ રેલીઓને સંબોધિત કરવાના છે. આરજેડી નેતા તેજસ્વી યાદવ, ગોડ્ડા ખાતે સભાને સંબોધશે. મિથુન ચક્રવર્તી દુમકા અને જામતારામાં રેલીઓ યોજશે. શિવરાજ સિંહ ચૌહાણ, હિમંતા બિસ્વા સરમા અને ચંપાઈ સોરેન સહિત ભાજપના કેટલાક નેતાઓ પણ NDA ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કરશે. બીજા અને અંતિમ તબક્કાનું મતદાન 20મી નવેમ્બરે થશે. મતગણતરી આ મહિનાની 23 તારીખે થશે.

.................

## *CM BOMBAY ELE.-VISIT*

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે એક દિવસ માટે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે. મુખ્યમંત્રી તેમના પ્રવાસ દરમિયાન એક જ દિવસમાં ચાર જનસભાઓને સંબોધન કરશે. આજે સવારે 10 વાગ્યે તેઓ દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી બિઝનેસ કમ્યુનિટી સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી

પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે. તેમના આ પ્રવાસ દરમિયાન બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યો સાથે તેઓ વાર્તાલાપ કરશે. ત્યાર બાદ તેઓ બપોરે જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જન સભામાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ વર્સોવા, અંધેરી, ઘાટકોપર ઇસ્ટ સહિત અન્ય સ્થળોએ સભા સંબોધશે.

.................

## *NCB-COCAINE*

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ દિલ્હીમાં એક મોટા ઓપરેશનમાં આશરે 900 કરોડ રૂપિયાના માદક પદાર્થનો સૌથી મોટો જથ્થો ઝડપ્યો છે. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે વિદેશમાં રહેતા લોકોનું એક જૂથ આ સમૂહનું સંચાલન કરી રહ્યું છે. જે કોકેઈન ઝડપાયું છે તેમાંથી કેટલોક જથ્થો કુરિયર અથવા નાની કાર્ગો સેવાઓ દ્વારા ઓસ્ટ્રેલિયા મોકલવાનો હતો. મંત્રાલયે જણાવ્યું કે, આ કેસમાં સંડોવાયેલા લોકો મુખ્યત્વે હવાલા સંચાલક છે. અત્યાર સુધીમાં, આ કેસમાં સમૂહના બે મુખ્ય સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

અગાઉના દિવસે, ભારતીય નૌકા દળે ગુજરાતનાં ત્રાસવાદ વિરોધી દળ-ATS અને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો-NCBની મદદથી પોરબંદરનાં દરિયામાંથી 700 કિલો માદક પદાર્થોનો જપ્તો જપ્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે NCBને તેની નોંધપાત્ર સફળતા બદલ અભિનંદન પણ પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું હતું કે સુરક્ષા એજન્સીઓ દ્વારા એક જ દિવસમાં ગેરકાયદે ડ્રગ હેરફેર સામે સતત મોટી સફળતાઓ ડ્રગ-મુક્ત ભારત બનાવવા માટે સરકારના અટલ સંકલ્પને દર્શાવે છે

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *NATIONAL PRESS DAY*

સમાજમાં સ્વતંત્ર અને જવાબદાર મીડિયાની આવશ્યક ભૂમિકાને માન આપવા માટે આજે દેશભરમાં રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 1966માં આ દિવસે જ પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ નૈતિક ચોકીદાર તરીકે તેની કામગીરી શરૂ કરી હતી. આ દિવસ માત્ર પ્રેસની સિદ્ધિઓની જ ઉજવણી કરતો નથી પરંતુ વધુ માહિતગાર અને પારદર્શક સમાજના નિર્માણમાં તે જે જવાબદારી નિભાવે છે તેને પણ મજબૂત બનાવે છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વની વૈષ્ણવ આજે નવી દિલ્હીમાં આ વર્ષના રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણીને સંબોધશે. આ વર્ષની થીમ "પ્રેસની બદલાતી પ્રકૃતિ" છે.

.................

## *JHANSI-HOSPITAL FIRE*

ઉત્તર પ્રદેશમાં, ગત મોડી સાંજે ઝાંસી મેડિકલ કોલેજના નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટ (NICU) માં ભીષણ આગ લાગી હતી. જેમાં ઓછામાં ઓછા 10 બાળકોના મોત થયા છે. શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાની માહિતી મળી હતી. હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, એનઆઈસીયુ વોર્ડમાં 54 બાળકને દાખલ કરવામાં આવ્યા હતા અને ફસાયેલા ઘણા બાળકોને બચાવી લેવામાં આવ્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાની નોંધ લીધી છે અને જિલ્લા વહીવટીતંત્રને રાહત કાર્ય ઝડપી બનાવવાનો નિર્દેશ આપ્યો છે.

.................

## *T20 CRICKET*

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જોનેસબર્ગમાં રમાયેલી ચોથી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 135 રનથી હરાવ્યું. આ જીત સાથે ભારતે ચાર મેચોની શ્રેણી 3-1થી જીતી લીધી છે.

પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં એક વિકેટ ગુમાવીને 283 રન બનાવ્યા હતા. તિલક વર્માએ 47 બોલમાં 120 રન બનાવ્યા હતા જ્યારે ઓપનર સંજુ સેમસને 56 બોલમાં 105 રન બનાવ્યા હતા. જેના જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ 18.2 ઓવરમાં માત્ર 148 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ મેચમાં તિલક વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

.................

## *HOCKEY*

ભારત આજે સાંજે બિહારમાં ચાલી રહેલી મહિલા એશિયન હોકી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ચીન સાથે ટકરાશે. મેચ ભારતીય સમયાનુસાર સાંજે 4.45 વાગ્યે શરૂ થશે. ભારતે ગુરુવારે થાઈલેન્ડ સામેની ત્રીજી મેચમાં 13-શૂન્યથી જીત મેળવી હતી. ચીને તે જ દિવસે જાપાન સામે 2-1થી જીત મેળવી હતી. અન્ય મેચોમાં, મલેશિયાનો મુકાબલો જાપાન સામે બપોરે 12:15 વાગ્યે થશે, જ્યારે દક્ષિણ કોરિયાનો મુકાબલો થાઈલેન્ડ સામે બપોરે 2:30 વાગ્યે થશે..

.................

## *MANDAVIYA EPFO*

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ સમગ્ર દેશમાં બચતના વિશાળ ભંડોળનું સંચાલન કરવા અને સામાજિક સુરક્ષાની જોગવાઈઓને વધારવા માટે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની પ્રશંસા કરી છે. નવી દિલ્હીમાં EPFOના 72મા સ્થાપના દિવસને સંબોધતા, તેમણે EPFOના અધિકારીઓ અને કર્મચારીઓને સભ્યોની સેવામાં અખંડિતતા, સમર્પણ, સહાનુભૂતિ અને વ્યાવસાયિકતાના ઉચ્ચતમ ધોરણોને જાળવી રાખવા વિનંતી કરી હતી.

કાર્યક્રમ દરમિયાન, ભવિષ્ય નિધિ એવોર્ડ, 2024 પણ એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રીએ પુરસ્કાર મેળવનારાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વધુમાં, નાગરિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે વિકસિત ભારત અને વિકસિત ભારતમાં EPFOની ભૂમિકાના વિઝનનો પુનરોચ્ચાર કર્યો હતો.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી જયેશ વેગડા

- પોરબંદરના દરિયામાંથી 3 હજાર 500 કરોડ રૂપિયાનો માદકપદાર્થ પકડાયો આ સમાચાર સંદેશ, નવગુજરાત સમય અને ફૂલછાબે મુખ્યશીર્ષકમાં લીધા છે.
- "ભારતીય ક્રિકેટ બૉર્ડે વાંધો ઉઠાવતાં ICCએ પાકિસ્તાનનો ઉધડો લીધો – પાકિસ્તાનને ફટકાર – ચેમ્પિયન્સ ટ્રૉફીની યાત્રા 'PoK'માં નહીં" આ ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનને ટાંકીને નવગુજરાત સમય લખે છે, એક પરિવારને જશ આપવા આઝાદીની લડતમાં આદિવાસીઓના યોગદાનની અવગણના.
- દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, "ભ્રષ્ટાચારની પંચાત" રોકવા માટે નાણા વિભાગના હિસાબનીશની નિમણૂક થશે.

- ગુજરાત સમાચાર એક અહેવાલમાં લખે છે, ખ્યાતિ હૉસ્પિટલ કાંડમાં ડાયરેક્ટર અને સીઈઓ માસ્ટરમાઈન્ડ- બ્લૉકેજ હોય કે નહીં દૈનિક 30 સર્જરી કરી પૈસા બનાવવા એકમાત્ર લક્ષ્યાંક.
- પટના વડી અદાલતની ટિપ્પણીને ટાંકીને ગુજરાત સમાચારે "બિહારમાં દારૂબંધી અધિકારીઓ માટે મોટી કમાણી, ગરીબો માટે મુશ્કેલી" આ શીર્ષક સાથે પહેલા પાના પર સમાચાર પ્રસિદ્ધ કર્યા છે.
- સંદેશ લખે છે, ભારતીય ઇકોનૉમી 2031 સુધીમાં સાત ટ્રિલિયન ડૉલરે પહોંચશે.
- પાકિસ્તાનમાં વાયુ પ્રદૂષણથી 20 લાખ લોકો બીમાર, આ સમાચાર ફૂલછાબે પહેલા પાના પર લીધા છે.

--------------